# રાજ્યભરમાં મેઘમહેર યથાવત

## સુરતમાં જળબંબાકાર : વલસાડમાં પાંચ ઈંચ અને ભરૂચમાં ચાર ઈંચ મેહુલો ખાબકયો

અમદાવાદ, તા. ૧૦

રાજયના મોટાભાગના વિસ્તારોમાં આજે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં પ્રજાજનોએ ખુશખુશાલ થઈ ગયા હતા. દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં સારો એવો વરસાદ નોંધાયો હતો. જો કે, દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને સુરત, વલસાડ સહિતના ક્ષેત્રોમાં ભારે વરસાદ નોંધાતા ઠેર-ઠેર ઉંડા પાણી ભરાયા હતા અને ચોમાસાના પ્રારંભમાં જ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનનો પ્રિ-મોન્સુન પ્લાન નિષ્ફળ સાબિત થયો હતો. સુરતમાં પાંચ ઈંચથી વધુ, ભરૂચમાં પાંચ ઈંચ, વલસાડમાં ચાર ઈંચ, અમરેલીમાં એક જ કલાકમાં સાડા ત્રણ ઈંચ વરસાદ ખાબકતાં તમામ નદી-નાળા છલકાઈ ગયા હતા.

રાજયમાં હળવાથી લઈ ભારે વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકોએ ઘણો હાશકારો અનુભવ્યો હતો. હવામાનખાતાએ દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. સુરતમાં છેલ્લા બે દિવસથી ભારેથી અતિભારે વરસાદને પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સતત મુશળધાર વરસતાં ઠેર-ઠેર ઉંડા પાણી ભરાઈ ગયા હતા અને જનજીવન પ્રભાવિત થયું હતું. નીચાણવાળા વિસ્તારોમાં બેઝમેન્ટવાળા કોમર્શીયલ કોમ્પલેક્ષમાં પણ દસ-દસ ફુટ ઉંડા પાણી ભરાઈ જતાં વેપારીઓ અને દુકાનદારોને લાખો રૂપિયાનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. છેલ્લા બે દિવસના વરસાદે તંત્રના પ્રિ મોન્સુન પ્લાનની પોલ ખોલી નાંખી હતી. સુરતના અડાજણ, ઓલપાડ, ચોર્યાસી, મોટા વરાછા, કતાર ગામ, નવસારી બજાર, રાંદેર, મોરા ભાગળ સહિતના વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સુરત બાદ વલસાડમાં મેહુલિયો મન મૂકીને ખાબકયો હતો. વલસાડમાં સૌથી વધુ પાંચ ઈંચ વરસાદ ખાબકતાં ઠેર-ઠેર ઉંડા પાણી ભરાઈ ગયા હતા. વલસાડમાં પાંચ ઈંચ વરસાદે સ્થાનિક જનજીવને ઘમરોળી નાંખ્યું હતું. નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકો સૌથી વધુ પ્રભાવિત થયા હતા. આ જ પ્રકારે ભરૂચમાં પણ મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. ભરૂચના વાગરા તાલુકામાં ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ભરૂચમાં પણ ઠેર-ઠેર પાણી-પાણીના દ્રશ્યો સર્જાયા હતા. અમરેલીમાં પણ વરસાદનું સારુ એવું જોર જોવા મળ્યું હતું. એક કલાકમાં જ સાડા ત્રણ ઈંચ વરસાદ વરસતાં અમરેલીમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો. અમરેલીના ધારી તાલુકાના વાવડી ગામે ગરનાળુ તૂટતા સમગ્ર વિસ્તારમાં પાણી ફરી વળ્યા હતા. તો બીજીબાજુ, ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હતા.

રાજકોટના ગોંડલ, ચોટીલા, જેતપુર સહિતના તાલુકાઓમાં પણ સારો એવો વરસાદ નોંધાયો હતો. જેના કારણે રાજકોટવાસીઓએ આનંદની અનુભૂતિ કરી હતી. સૌરાષ્ટ્રમાં પણ મેઘરાજાએ તેમની સારી એવી કૃપા વરસાવી હતી. સોરઠ પંથકના મોટાભાગના વિસ્તારોમાં ઠેર-ઠેર સારો એવો વરસાદ નોંધાયો હતો. જેમાં તાલાલાના બોરવાવમાં અઢી ઈંચ, ડોળાસામાં એક ઈંચ, જૂનાગઢ, ઉના, કોડીનાર સહિતના પંથકોમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો. જયારે ભેંસાણમાં તો વાવણીલાયક વરસાદ વરસતાં ખેડૂતો ખુશ થઈ ગયા હતા. અમદાવાદ શહેર સહિત રાજયભરમાં આગામી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે.

**ટચૂકડી જાહેર ખબર**

**ભાડે આપવાનું છે**

ગાંધીનગર સેક્ટર-૫સી પ્લોટ નં. ૧૬૦૨/૧માં કોમન પ્લોટ સામે ભોંયરું, ગ્રાઉન્ડ ફ્લોર, પગેલા માળનું નવીન મકાન
ઓફીસ / રહેઠાણ માટે ભાડે આપવાનું છે.
મો. : ૯૮૯૮૬૧૦૩૧૧
મો. : ૯૪૨૯૨ ૦૪૨૯૬

**શિક્ષકો જોઈએ છે**

(૧) B.A.,M.A. B.Ed. - અંગ્રેજી માધ્યમિક વિભાગ માટે
(૨) B.Com, M.Com., ધો.૧૧/૧૨ માટે
મો. ૯૯૨૪૬ ૩૬૦૭૧
શ્રી સોરઠ કારડીયા રાજપૂત પ્રા. શાળા
સે.૫/ડી, ગાંધીનગર

**ભાડે આપવાનું છે**

બંગલો ભાડે આપવાનો છે
૬, સૂર્યા સ્ટ્રીટ, મહાત્મા મંદિર રોડ, સરગાસણ ચોકડી નજીક, ઉવારસદ
સંપર્ક : ૯૦૧૬૨૮૦૫૮૫

## આર.જે. તન્ના પ્રેરણા મંદિરનું ગૌરવ

ભિલોડા, તા. ૧૦

આર.જે. તન્ના પ્રેરણા મંદિર ભિલોડામાં માર્ચ-૨૦૧૭માં લેવાયેલ એસ.એસ.સી. પરીક્ષામાં શાળાના વિદ્યાર્થી ગાવિત હાર્દિક વસંતભાઈએ ૯૯.૫૩ પર્શનટાઈલ રેન્ક સાથે સમગ્ર તાલુકામાં આગવુ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમજ ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં બેલીમ આફરીનબાનુએ ૯૬.૪૫ પર્શનટાઈલ રેન્ક સાથે પ્રથમ નંબર મેળવેલ છે. ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ડામોર મનીષકુમાર ડી.એ ૮૮.૨૮ પર્શનટાઈલ રેન્ક મેળવી શાળાનુ ગૌરવ વધારેલ છે. શાળાના ધો. ૧૦ તેમજ ધો. ૧૨ સા.પ્ર. અને વી.પ્ર.ના તેજસ્વી તારલાઓને સંસ્થાના મંત્રી દામુભાઈ પટેલ, ઉપપ્રમુખ માધુભાઈ પટેલ તેમજ શાળાના આચાર્ય રમણભાઈ પટેલ તેમજ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.



### બાળસેના બનાવો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હળવી હળવી વાતો કરી અને બાળકોના દિલ જીત્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીએ રણાસણ ગામે શાળા પ્રવેશોત્સવમાં ભાગ લઈ વૃક્ષનુ મહત્વ બાળકોને સમજાવ્યુ હતુ. આ ઉપરાંત વ્યસનમુક્તિ અભિયાન પર ભાર મુકી વ્યસનમુક્ત સમાજની રચના માટે જનજાગૃતિ અભિયાન છેડવા પણ જણાવ્યુ હતુ.

તેમણે ગામમાં વ્યસન કરતા લોકો તેમના બાળકોને જ પાન કે પડીકી લેવા મોકલતા હોવાનુ કહી જણાવ્યુ કે બાળકને તમાકુ વેચવી એ ગુનો બને છે. આ માટે તેમણે પંચાયતના પદાધિકારીઓને પણ જાગૃતિ દાખવી આવો વેપાર કરતા દુકાનદારો સામે પગલા ભરવા અનુરોધ કર્યો હતો.

### સરળ માર્ગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. જિલ્લા કલેક્ટરે બાળકોનુ શૈક્ષણિક મૂલ્યાંકન પણ કર્યુ હતુ અને શિક્ષકોને વધુ મહેનત સાથે કામ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. જિલ્લા કલેક્ટર સતીષ પટેલે શાળામાં બાળકોની હાજરી નિયમિત રહે તે જોવા વાલીઓને પણ ખાસ આગ્રહ કર્યો હતો તેમજ શિક્ષકોને પુરતુ ધ્યાન આપવા અનુરોધ કર્યો હતો. તેમની સાથે ઈન્ચાર્જ જિલ્લા પ્રા.શિ. અધિકારી કિરણબેન પટેલ પણ જોડાયા હતા. ગ્રામીણ વિસ્તારની શાળાના બાળકોને પાઠ્યપુસ્તકો મળ્યા છે કે નહિ તેની પૃચ્છા પણ કલેક્ટરે બાળકોને કરી હતી.

### રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

વાયોલિન અને તાનપૂરો. આ ધૂનમાં તાનપુરો ડી.એમિલીએ લગાડેલો છે. રેડિયોનાટકો, કવિ સંમેલન, વાર્તાપઠન, જુદા જુદા વિષયો પરનાં ફીચર, લોકગીતો, ગ્રામ્યલક્ષી કાર્યક્રમો, હવામાન સમાચાર જેવા કાર્યક્રમો માટે તો રેડિયો હાજરાહજૂર હતો જ પણ રેડિયો પરની સૌથી લોકપ્રિય વાનગી હોય તો એ ફિલ્મી ગીતો અને ક્રિકેટની કોમેન્ટરી. રેડિયોએ દેશની એકતામાં ઘણો ફાળો આપ્યો છે. પાકિસ્તાન કે ચીન સાથેના યુધ્ધો વખતે, હોનારતોમાં, કુદરતી આપત્તિઓમાં આજે પણ રેડિયો સમાચાર ત્વરિત અને વધુ વિશ્વાશપાત્ર છે. હા ભલે આજે લાઈવ પ્રસારણ કરતી ટીવી ચેનલો વધી ગઈ હોય છતાં પણ દેશના અનેકો ભાગમાં હજુ આજે પણ માત્ર ને માત્ર રેડિયો જ મનોરંજન અને સમાચારનું એકમાત્ર માધ્યમ છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘનો રીપોર્ટ કહે છે કે રેડિયોની પહોંચ દુનિયાના ૯૫ ટકા લોકો સુધીની છે. આ પરથી રેડિયોનું મહત્ત્વ સમજી શકાય છે. કદાચ એટલે જ દેશના ખૂણે - ખૂણે પોતાની રવિયા વાત પહોંચાડવા નરેન્દ્ર મોદીએ આકાશવાણી દ્વારા જ ‘મન કી બાત’ શરુ કર્યું છે...!!!

વિસામો : તુમ મુઝે ખૂન દો, મેં તુમ્હે આઝાદી દૂંગા... સુભાષચંદ્ર બોઝે આ વાક્યનો સૌપ્રથમ ઉલ્લેખ નવેમ્બર ૧૯૪૧ના રોજ ‘રેડિયો જર્મની’ દ્વારા જ ભારતવાસીઓ સુધી પહોચાડેલો...!

### ભારે વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે અને આઠ લોકો ઘાયલ થયા છે. જ્યારે નાંદેજમાં ત્રણના મોત થયા છે. લાતુરમાં બે અને નાસિકમાં એકનું મોત થયું છે. આજે વહેલી પરોઢે વિજળી પડવાના બનાવમાં તેમના મોત થયા હતા. બીજી બાજુ અહેમદનગરના નેવાસામાં એક બાળકનું મોત થયું હતું. સ્કૂલ જતી વેળા નાનકડા પુલને પાર કરતી વેળા તેનું મોત થયું હતું જ્યારે થાણે જિલ્લામાં મોરબાદ નજીક વાયરના સંપર્કમાં આવતા આઈટી એન્જિનિયર યોગેશ કુર્લેનું મોત થયું હતું. આઈએમડી વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, કોંકણ પટ્ટામાં ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે. દક્ષિણ મધ્ય મહારાષ્ટ્ર અને ઉત્તરીય મહારાષ્ટ્રમાં ભારે વરસાદ પડવાની આગાહી કરાઈ છે. મરાઠવાડા અને મધ્ય મહારાષ્ટ્રમાં પણ ભારે વરસાદ થઈ શકે છે. ગઈકાલ મોડી રાતથી ભારે વરસાદ થઈ રહ્યો છે. પાલઘરમાં નવ મીમી જેટલો વરસાદ થયો છે જ્યારે ઉત્તર કોંકણમાં આવી જ સ્થિતિ સર્જાઈ છે. સિંધુદુર્ગના માલવણ ખાતે પણ ભારે વરસાદ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં મુંબઈના જુદા જુદા ભાગોમાં પણ ઉલ્લેખનીય વરસાદ થયો છે. વરસાદના કારણે ગરમીથી લોકોને રાહત મળી છે પરંતુ જનજીવન ઉપર પણ અસર થઈ છે.

### રોમાંચક જંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૪૮.૪ ઓવરમાં ૩૨૨ રન કરીને ઐતિહાસિક મેચ જીતી લીધી હતી. શ્રીલંકા તરફથી ગુનાથિરકાએ ૭૬, મેન્ડિસે ૮૯, પરેરાએ ૪૭, મેથ્યુસે ૫૨ રન કર્યા હતા. ગુનારત્ને ૩૪ રન કરીને નોટઆઉટ રહ્યો હતો. મેન ઓફ દ મેચ તરીકે મેન્ડિસની પસંદગ કિરવામાં આવી હતી. મેન્ડિસે ૯૩ બોલમાં ૧૧ ચોગ્ગા અને એક છગ્ગા સાથે આ રન બનાવ્યા હતા. ભારતને આ મેચમાં જીત માટે પ્રબળ દાવેદાર ગણવામાં આવી રહ્યુ હતુ. રવિવારના દિવસે ભારતીય ટીમ નંબર વન ટીમ આફ્રિકા સામે રમનાર છે. આ મેચ આઈસીસી ટ્રોફીની સૌથી રોમાંચક મેચ બનનાર છે. સોમવારના દિવસે શ્રીલંકા પાકિસ્તાન સામે ટકરાશે. આ બન્ને મેચ નક્કી કરશે કે ગ્રુપ બીમાંથી કઈ બે ટીમો અંતિમ ચારમાં પ્રવેશ કરશે. આફ્રિકા સામે ભારતની મેચને ક્વાર્ટર ફાઈનલ તરીકે ગણી શકાય છે. આ મેચને જીતનાર ટીમ સેમીફાઈનલમાં એન્ટ્રી કરી જશે. ભારત આફ્રિકાને હારાવી દેશે તો તે સેમીફાઈનલમાં પહોંચી જશે. જો હારી જશે તો વર્ષ ૨૦૧૭માં ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેના પડકારનો અંત આવશે.

### શાંતિ માટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા છે. બીજી બાજુ શિવરાજ સરકારમાં કૃષિ મંત્રી રહેલા ગૌરીશંકરે કહ્યું છે કે, ખેડૂતોના દેવાને માફ કરવામાં આવશે નહીં. ઉપવાસ પર બેસી ગયા બાદ શિવરાજસિંહે કહ્યું હતું કે, તેમની સરકાર રાજ્યના ખેડૂતોના હિતમાં કામ કરી રહી છે. કેટલાક લોકોએ માહોલ ખરાબ કરવાના પ્રયાસ કર્યા છે. આંદોલનને લઈને તેઓએ નારાજગી વ્યક્ત કરી હતી. ખેડૂતોને યોગ્ય કિંમતો ચુકવવામાં આવી રહી છે. ખેડૂતો અને ગ્રાહક વચ્ચે વચેટિયા પ્રથાને ખતમ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. સરકાર કેન્દ્ર સરકારના સમર્થન મુલ્ય ઉપર પાકની ખરીદી કરશે. પ્રજા અને પ્રદેશના વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. તેમનું કહેવું છે કે, સરકારના ગાળા દરમિયાન રાજ્યની ૪૦ લાખ એકર જમીનમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગયા મંગળવારે મંદસોરમાં પોલીસ ગોળીબારમાં પાંચ ખેડૂતોના મોત થયા હતા ત્યારબાદથી હિંસાનો દોર જારી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

## મહેસાણાના દુઃખદ બનાવ અંગે ગુજરાતની જનતા સત્ય જાણે

### ગુજરાતની જનતાને ગુજરાતનું અહિત ઇચ્છનારા અને પ્રજાને ગેરમાર્ગે દોરનારા તત્ત્વોથી ચેતવા વિનંતી

- આપ સૌ નાગરિકોને છેલ્લા પાંચ દિવસથી ટીવી ચેનલો અને દૈનિક વર્તમાનપત્રો દ્વારા મહેસાણા તાલુકાના બલોલ ગામના કેતન પટેલના દુઃખદ અવસાનના અને તે પછીની ઘટનાઓની માહિતી મળતી હશે તેની સત્ય હકિકત નીચે પ્રમાણે છે.
- કેતન પટેલની એક ગુન્હાસર ધરપકડ કરવામાં આવેલ અને તેમની ધરપકડ થયા પછી તા.૪/૬/૨૦૧૭ના રોજ કોર્ટ સમક્ષ રજૂ કરાતા તેમના તરફથી કોઇ જામીન રજૂ ન થતાં કોર્ટ દ્વારા તેમને તા.૪/૬/૨૦૧૭ના રોજ મહેસાણા જેલમાં મોકલી આપવામાં આવેલ. જેલમાં ગયા પછી લગભગ ૪૦ કલાક બાદ તા.૫/૬/૨૦૧૭ના રોજ રાત્રે ૧૦.૩૦ કલાકે તેમની તબિયત બગડતાં તેમને મહેસાણા સિવિલ હોસ્પટિલમાં દાખલ કરવામાં આવેલ.
- જ્યાં રાત્રે તેમનું દુઃખદ અવસાન થયેલ અને તે પછી તુર્તજ કેટલાક રાજકીય હિત ધરાવતા તત્ત્વોએ આ દુઃખદ બનાવનો દુરૂપયોગ શરૂ કરી દીધો હતો અને મૃત્યુ પામનારના પરિવારજનોને આગળ કરી દુઃખદ સમયમાં રાજકીય લાભ લેવા માટે નિમ્નકક્ષાની ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓ શરૂ કરી દેવામાં આવેલ.
- મૃત્યુ પામનારના પરિવારજનો વતી કેટલાક લોકોએ અમે લાશનું પોસ્ટમોર્ટમ નહિ કરવા દઇએ તેવી માંગણી કરતાં વહિવટી તંત્ર દ્વારા અનેક વિનંતીઓ કર્યા બાદ પોસ્ટમોર્ટમ કરવા માટે સંમતિ આપવામાં આવેલ. તા.૭/૬/૨૦૧૭ બુધવારના રોજ પોસ્ટમોર્ટમ માટે મૃતકના પરિવારજનોની માંગણી પ્રમાણે ત્રણ સિનીયર મેડીકલ ઓફિસરોએ વિડીયોગ્રાફી સાથે પોસ્ટમોર્ટમ કરેલ અને તા.૭/૬/૨૦૧૭ને બુધવારના દિવસે પ્રાથમિક પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવેલ. આ રીપોર્ટ આવ્યા પછી તુરત જ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા સમક્ષ આ બનાવની તાત્કાલિક એફ.આઇ.આર નોંધવાની પોલીસને સૂચના આપવા માંગણી કરવામાં આવેલ.
- શ્રી નીતિનભાઇની માંગણી પ્રમાણે રાજ્ય સરકારે બુધવારે સાંજે જ જિલ્લા પોલીસ અધિક્ષક, મહેસાણાને મૃતકના પરિવારજનોની એફ.આઇ.આર તાત્કાલિક દાખલ કરવા આદેશ આપેલ.
- જેના આધારે બુધવારે સાંજે જ પોલીસ ફરિયાદ (એફ.આઇ.આર) નોંધાવવા મૃતકના પરિવારજનોને જણાવવામાં આવેલુ પરંતુ તેમના તરફથી તે દિવસે કોઇ એફ.આઇ.આર નોંધાવવામાં આવેલ ન હતી. તા.૮/૬/૨૦૧૭ને ગુરૂવારના દિવસે પણ કોઇએ આ બનાવ અંગે એફ.આઇ.આર નોંધાવેલ ન હતી અને આ દરમ્યાન રાજકીય હિત ધરાવતા તત્ત્વો સતત ઉશ્કેરણીજનક પ્રવૃત્તિ કરતા હતા અને તા.૮/૬/૨૦૧૭ના રોજ ગુરૂવારે ઉત્તર ગુજરાત બંધનું એલાન આપવામાં આવેલ અને બંધ દરમ્યાન તોફાનો ફાટી નીકળે, હિંસા થાય, આગ લગાડવાના બનાવો બને અને કાયદો - વ્યવસ્થાની પરિસ્થતિ બેકાબુ થઇ જાય તેવું કરવા માટે હિંસક પ્રયત્નો પણ કરવામાં આવેલા. પરંતુ ઉત્તર ગુજરાતની પ્રજાના શાણપણના કારણે તોફાનો કરાવવાનો બદઇરાદો ધરાવતા તત્ત્વો નિષ્ફળ ગયેલા.
- ગુરૂવાર તા.૮/૬/૨૦૧૭ના રોજ મહેસાણાના એડીશનલ કલેક્ટર દ્વારા સિવીલ હોસ્પિટલમાં રૂબરૂ જઇને મૃતકના પરિવારજનોને એફ.આઇ.આર નોંધાવવા માટે ફરીથી વિનંતી કરવામાં આવેલ.
- તો પણ કોઇએ એફ.આઇ.આર નોંધાવી ન હતી. પણ ફરીથી બીજી વખત પોસ્ટમોર્ટમ કરાવવાની માંગણી કરવામાં આવેલ. જે અંગે આ કેસ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી - મહેસાણાની કોર્ટમાં હોવાથી ફરીથી પોસ્ટમોર્ટમ કરવા માટે વહિવટી તંત્ર સંમત છે તે પ્રમાણે કોર્ટની મંજૂરી માંગવામાં આવેલ. અને તે પ્રમાણે તા.૯/૬/૨૦૧૭ને શુક્રવારના સાંજે ફરીથી પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું અને કોર્ટની પરવાનગી લઇ પરિવારજનોને અને તેમના વકીલને પોસ્ટમોર્ટમ રિપોર્ટ આપી દેવા છતાં શનિવાર તા.૧૦/૬/૨૦૧૭ના રાત્રિના ૯ કલાક સુધી કોઇ એફ.આઇ.આર નોંધવામાં આવેલ નથી.
- આમ, રાજકીય નેતાઓ તરફથી નિમ્નકક્ષાના, માનવતાવિહિન પ્રયત્નો કરી માનવતાને નેવે મૂકી મૃતકની લાશને ચાર દિવસ સુધી મૂકી રાખીને ઉશ્કેરણીજનક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તે સમગ્ર ગુજરાતની જનતા જાણે છે.
- આ સત્ય હકિકત ગુજરાતની શાણી અને સમજૂ પ્રજા સમજશે અને નિમ્નકક્ષાના રાજકીય પ્રયત્નો કરનારા અને દુઃખી પરિવારની લાગણીઓ સાથે ચેડા કરનારા તત્ત્વોને ઓળખશે અને આવા તત્ત્વોનો કોઇ પણ જ્ઞાતિ, સમાજ કે વ્યક્તિઓ હાથો ન બને તેવી સર્વેને રાજ્ય સરકારની અપીલ છે.
- રાજ્ય સરકાર મૃતકના પરિવાર અને તેમના સગા સંબંધીઓને ખાતરી આપે છે કે, એફ.આઇ.આર દાખલ થયેથી તપાસ કરી કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

માહિતી ૨૦૧૭-૧૮ (૨૧-૨)